ISSN
2320 –7566

# INCLUSIVE EDUCATION IN NEP- 2020

**DR. NEETA S. TRIPATHI**

*Assistant Professor*
*S. V. College of Education, Kadi*

===========================================================

## ➢ સમાવેશક શિક્ષણનો અર્થ અને સંકલ્પના:

**(Meaning And Concept of Inclusive Education)**

સમાવેશક શિક્ષણના સર્વગ્રાહી અર્થ અંગે વિદ્વાનો વચ્ચે મતભેદ પ્રવર્તતો જોવા મળે છે વિવિધ . શિક્ષણશાસ્ત્રીઓ સંશોધકો અને વિદ્વાનોએ પોતાના અનુભવો, અભ્યાસ અને પ્રત્યક્ષીકરણને આધારે સમાવેશક શિક્ષણ વ્યવસ્થાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. શારીરિક, માનસિક, વાર્તનિક કે અન્ય કોઈપણ પ્રકારની ક્ષમતા કે અક્ષમતાને ધ્યાનમાં લીધા સિવાય તમામ પ્રકારનાં બાળકોને નજીકની શાળામાં તેમની ઉંમર અને જરૂરિયાત મુજબનું શિક્ષણ એક સાથે આપવાની વ્યવસ્થાને સમાવેશક શિક્ષણ કહે છે. જેમાં ચોક્કસ વયજૂથનાં અને સમાન શિક્ષણ જરૂરિયાત ધરાવતાં બાળકોને, તેમની ક્ષમતા કે અક્ષમતાને આધારે અથવા તેમના લિંગને આધારે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર, સમાન શૈક્ષણિક અને શાળાકીય વાતાવરણમાં શિક્ષણ આપવામાં આવે છે .

એક બીજા મત મુજબ, સમાવેશક શિક્ષણ ફક્ત શારીરિક કે માનસિક રીતે અક્ષમ બાળકોને મુખ્ય પ્રવાહ (Main Stream) માં લાવવા માટેનું અભિયાન નથી, પરંતુ તેમની સાથે સાથે કોઈપણ કારણે મુખ્ય પ્રવાહમાં શિક્ષણ મેળવવાથી વંચિત રહેતાં બાળકોને કોઈપણ જાતના જાતીય કે અન્ય પ્રકારના ભેદભાવ વગર સુસંવાદી અને સંપૂર્ણ સામાજિક વાતાવરણમાં શિક્ષણ આપવાનું છે પ્રકાજેમાં . અક્ષમતા ધરાવતા અને નહીં ધરા વતા બાળકોની સાથે સાથ તમ પ્રકારનાં બાળકોને, સહકારી અધ્યયનમાં તેમની સક્રિય ભાગીદારી સાથે, શિક્ષણ આપવામાં આવે છે જેમાં સક્ષમ અને અક્ષમ . બાળકો વચ્ચે સાયુજય અને સંવાદિતાનું વાતાવરણ સર્જાય છે અને તમામ બાળકો એકબીજાનું માન .જાળવે છે

### :સમાવેશક શાળાનો અર્થ :

સમાવેશક શાળા (Inclusive School) એ એવી શાળા છે કે જેમાં તમામ વિદ્યાર્થીઓને તેમની ક્ષમતાઓ, શૈક્ષણિક જરૂરિયાતો અને પૃષ્ઠભૂમિથી ભલે ફરક પડે,પરંતુ શિક્ષણમાં સમાન સહભાગ અને શિક્ષણનો હક મળે. આ શાળાઓમાં માનસિક, શારીરિક, સામાજિક, આર્થિક કે અન્ય કોઈપણ પ્રકારના વિજ્ઞાને ધરાવતા બાળકોને ગૃહિત કરી શિક્ષણ અપાય છે, જેથી તમામ માટે સમાન શૈક્ષણિક તકો ઉપલબ્ધ થાય છે.

સમાવેશી શાળામાં દરેક બાળક વિશિષ્ટ છે અને તે પોત પોતાની ગતિને અનુરૂપ શીખવા માટે યોગ્ય માહોલ પ્રાપ્ત કરે છે.

સમાવિષ્ટ શિક્ષણ (Inclusive Education) એ શિક્ષણ પ્રણાલીમાં દરેક વિદ્યાર્થીઓ, ભલે શારીરિક, માનસિક કે અન્ય રીતે જુદા-જુદા હોય,પરંતુ શિક્ષણ માટે સમાન તક અને માર્ગદર્શન પ્રદાન કરવાની એક કોશિશ છે. તેનુ મહત્વ નીચે મુજબ સમજાવી શકાય છે:

1. **વિવિધતાનો સ્વીકાર** : સમાવિષ્ટ શિક્ષણ દરેક વિદ્યાર્થીની વિશિષ્ટ જરૂરિયાતોને માન્ય રાખે છે અને તેમનું માનસિક અને શારીરિક વિકાસ પ્રોત્સાહિત કરે છે.
2. **સામાજીક સહિષ્ણુતા**: આ પદ્ધતિના દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે સામાજિક સહિષ્ણુતા અને સમજણ વધે છે, જે સમાજમાં ભલાઈ અને શાંતિ લાવવાનું કારણ બની શકે છે.
3. **શિક્ષણની ગુણવત્તા**: વિવિધ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત રીતે આયોજન અને શિક્ષણ સત્રોનું આયોજન થાય છે, જે તેમના અભ્યાસને વધુ સારો બનાવે છે.
4. **કોઈને પાછળ ન છોડવું**: દરેક વિદ્યાર્થીને શિક્ષણ પ્રાપ્ત થાય છે અને કોઇ શિક્ષણથી વંચિત ન રહી જાય, અને તમામ લોકો મૌલિક હક પ્રાપ્ત કરે છે.
5. **વધુ તક અને તકનીક**: વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક અને જીવનકૌશલ્યોના વિકાસ માટે વધુ તક મળે છે, જે તેમને જીવનમાં સફળ બનાવવવામાં મદદરૂપ થાય છે.

સમાવિષ્ટ શિક્ષણથી શિક્ષણનો પ્રવાહ અને સામાજિક સાયુજ્ય વધે છે, જે તમામ માટે સકારાત્મક અસરો લાવતું હોય છે.

**સમાવેશક શાળા-શિક્ષણની જરૂરિયાતો :**

સમાવેશક શિક્ષણ અને શાળાના મુખ્ય હેતુઓ અથવા જરૂરિયાત નીચે જણાવ્યા મુજબની દર્શાવી શકાય .

**[ A ] શિક્ષણની સમાન તક ( Equalization in Education) :**

કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક અક્ષમતા અથવા ન્યૂનતા ધરાવતાં બાળકોને શિક્ષણ મેળવવા માટે અક્ષમતા વગરનાં બાળકો જેટલી જ અને જેવી સુવિધા મળી રહે અને તેઓ સામાન્ય બાળકોની સાથે જ સામાન્ય સમાજનો હિસ્સો બનીને અભ્યાસ કરી શકે તે સમાવેશક શિક્ષણ અને શાળાનો મુખ્ય હેત તે માટે સંતુલિત એવા વિશિષ્ટ અભ્યાસક્રમની રચના કરવામાં આવે જેથી તમામ પ્રકારના . બાળકોનાં શિક્ષણને યોગ્ય ન્યાય આપી શકાય ફક્ત અમુક પ્રકારની અક્ષમતાને કારણે બાળક .

સામાન્ય બાળકો જેવું શિક્ષણ મેળવવાથી વંચિત ન રહી જાય તેને ધ્યાનમાં રાખીને સમાવેશક શાળાનું .આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે

**[ B ] સામાજિક સમાનતાને દ્રઢ કરવી (Invigorating Social Equity) :**

કોઈપણ પ્રકારની અક્ષમતા હોવી તે બાળકના હાથની વાત નથી દરેક બાળક સમાજનો એક . અન્ય બાળકની જેમ જ તે પણ સામાન્ય લોકોના એટલે કે .અગત્યનો **ભાગ છે**, અક્ષમતા વગરના લોકોના સમાજ વચ્ચે રહીને અને સામાજિક બનીને સામાજિક આંતરક્રિયા કરવાનો હક્ક ધરાવે છે. સામાન્ય બાળકો અક્ષમતા ધરાવતા બાળકોનાં અસ્તિત્ત્વને સ્વીકારે, તેમના સામાજિક અધિકારોને સ્વીકારે, તેમને સમકક્ષ ગણે અને તેમની સાથે સહકારપૂર્વક વ્યવહાર કરે તે માટે તેમની વચ્ચે સામાજિક આંતરક્રિયા થવી જરૂરી છે આર્થિક વર્ગમાંથી આવતાં - તે ઉપરાંત સમાજનાં વિવિધ સામાજિક . બાળકો વચ્ચે કોઈપણ પ્રકારના પ્રાદેશિક, જાતીય, ભાષાકીય કે અન્ય કોઈપણ પ્રકારના ભેદભાવ વગર તંદુરસ્ત સામાજિક આંતરક્રિયા થાય ત્યારે જ સામાજિક સમાનતાના ખ્યાલનો અસરકારક રીતે અમલ કરી શકાયસમાવેશક શાળા વ્યવસ્થા તમામ પ્રકારનાં બાળકોને આવી તક પૂરી પાડે છે ., જે તમામ પ્રકારનાં બાળકો વચ્ચે સામાજિક સમાનતાની ભાવનાનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે.

**[ C ] નાગરિકત્વની તંદુરસ્ત ભાવનાનો વિકાસ કરવો ( Developing Healthy Sense of Citizenship) :**

સમાવેશક શાળા શિક્ષણ વ્યવસ્થામાં તમામ બાળકો એક બીજા સાથે સહકારપૂર્વક વ્યવહાર કરે- છે અને શકય હોય ત્યાં સુધી સહકારીઅધ્યયન પ્રક્રિયામાંથી પસાર થાય છે સામાન્ય બાળકો . અક્ષમતા ધરાવતાં બાળકોને અધ્યયન કાર્યમાં મદદરૂપ થાય છે અને તેમની વિશિષ્ટ જરૂરિયાતોથી તેમની વિશિષ્ટ જરૂરિયાતો સંતોષવા માટેની લાયકાત સામાન્ય બાળકો પણ વિકસાવે .વાકેફ થાય છે જેમ કે .છે, શાળામાં મૂકબધિર બાળકને સહકાર આપવા માટે સામાન્ય બાળકોએ સાંકેતિક ભાષા શીખવી પડે છે તે ઉપરાંત .આ રીતે તમામ બાળકો તેમની સામાજિક જવાબદારી ઉઠાવતા શીખે છે . આદર્શ નાગરિકતાના આ અગત્યનાં લક્ષણો .બાળકોમાં પરસ્પરાવલંબનની ભાવનાનો વિકાસ થાય છે બાળકોમાં આવાં લક્ષણોનો વિકાસ કરવામાં સમાવેશક શાળ .છો મદદરૂપ થાય છે.

**[ D ] બંધારણીય જવાબદારી પૂરી કરવી (Fulfilment of Constitutional Responsibility) :**

ભારતીય બંધારણની કલમ 45 માં જોગવાઈ કરવામાં આવી છે કે 6 થી 14 વર્ષની વયજૂથમાં આવતાં તમામ બાળકોને તેમની વયકક્ષા મુજબ નિઃશુલ્ક ધોરણો શિક્ષણ મેળવવાનો અધિકાર છે . આવાં બાળકોને ફરજિયાત, મફત અને સાર્વત્રિક ધોરણે શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી જે તે - - તે ઉપરાંત શિક્ષણના અધિકાર અધિનિયમ .રાજ્ય સરકારની છે2009 (Right to Education Act – 2009) માં આ બાબત વધુ દઢ કરવામાં આવી છે ભારતની જેમ જ લગભગ તમામ દેશોમાં સાર્વત્રિક .

પ્રાથમિક શિક્ષણ અને અક્ષમતા ધરાવતાં બાળકોનાં શિક્ષણ અંગે આવી જોગવાઈઓ કરવામાં આવી છેસમાવેશક શાળા વ્યવસ્થા આ નિયમો ., કાયદા કે જોગવાઇનો અસરકારક રીતે અમલ કરવામાં મદદરૂપ થાય છે.

**[ E ] સ્વમાન જાળવવા ( Maintaining Self Respect) :**

સમાવેશક શાળાશિક્ષણમાં અક્ષમતા ધર -ાવતાં બાળકો સામાન્ય બાળકો સાથે સહકારપૂર્વક અભ્યાસ કરે છેપરિણામે .તેથી તેઓ અને બાળકો જેવી અને જેટલી જ સગવડો સાથે અભ્યાસ કરે છે ., તેમની અક્ષમતાને કારણે તેમની સાથે ભેદભાવ રાખવામાં આવતો નથી, એવી લાગણી તેમના મનમાં પેદા થાય છેબીજું .તેથી તેમની લઘુતાગ્રંથિ દૂર થાય છે ., અક્ષમતા ધરાવતાં બાળકોની વિશિષ્ટ આવડતોને અહીં પ્રોત્સાહિત કરવામાં આવે છે તે .જેના કારણે તેમની ઓળખ પ્રસ્થાપિત થાય છે . ઉપરાંત સામાન્ય બાળકો પણ તેમને પોતાના જૂના સક્રિય અને મહત્ત્વના સભ્ય તરીકે સ્વીકારીને પરિણામે અ .તેમની સાથે સહકારપૂર્વક વર્તન કરે છેક્ષમતા ધરાવતાં બાળકોનું સ્વમાન જળવાય છે અને તેઓ પણ સામાન્ય વ્યવહાર કરતા થાય છે.

**[ F ] આત્મવિશ્વાસનો વિકાસ કરવો ( Developing Self Confidence ) :**

સમાવેશક શિક્ષણ અને શાળા માટે એવા સંતુલિત અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે કે જેથી સામાન્ય બાળકો અને અક્ષમતા ધરાવતાં બાળકો બન્નેના અભ્યાસને યોગ્ય ન્યાય મળી રહે પરિણામે . અક્ષમતા ધરાવતાં બાળકો પણ, ચોક્કસ કક્ષાએ શૈક્ષણિક સિદ્ધિ મેળવવામાં સફળ રહે છે તે ઉપરાંત . તેઓ મુખ્ય પ્રવાહમાં રહીને સહકારી ધોરણે અભ્યાસ કરે છે, જેથી તેમને પણ પોતાની વિશિષ્ટ આવડતો સામાન્ય બાળકો સામે પ્રગટ કરવાની તક મળે છે આવી તમામ બાબતો તેમના . .આત્મવિશ્વાસનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે

**[ G ] હકારાત્મક વલણોનો વિકાસ કરવો ( Developing Positive Attitude) :**

જયારે લોકો કોઈપણ માપદંડને આધારે બે જૂથમાં વહેંચાઇ જાય છે ત્યારે તેમની વચ્ચે પરસ્પર વિશ્વાસની લાગણીનો અભાવ જોવા મળે છે તે ઉપરાંત કોઇ ચોક્કસ બાબતમાં ચઢિયાતું જૂથ નબળા . જૂથને ઝડપથી સ્વીકારતું નથી, સમાવેશક શાળામાં તમામ બાળકો એક સાથે સહકારી ધોરણો અધ્યયન કરે છે, એકબીજાની મર્યાદાઓને સ્વીકારે છે અને સમજે છે, એકબીજાની શકિતઓને ઓળખે છે અને બિરદાવે છેપરિણામે તેમની વ .ચ્ચે એકબીજા પ્રત્યે હકારાત્મક વલણોનો વિકાસ થાય છે . અક્ષમતા ધરાવતાં બાળકોમાં પણ તેમની સામાજિક સ્વીકૃતિને કારણે હકારાત્મક સામાજિક વલણોનો .વિકાસ થાય છે

**[ H ] જૂથ સંચાલનનો અસરકારક અમલ કરવો ( Effective Implementation of Group Dynamics) :**

જૂથ સંચાલન એ એવાં સામાજિક કૌશલ્યોના વિકાસ માટેનો શ્રેષ્ઠ માર્ગ સૂચવે છે જેના દ્વારા તેના સભ્યો લોકશાહી રીતે જીવે, સારી સામાજિક સમજ મેળવે અને લોકશાહી નાગરિકત્વ માટે તૈયાર થાય. સમાવેશક શાળામાં પણ તમામ બાળકો આવી રીતે વ્યવહાર કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને તે માટેના પ્રયત્નો થાય તેવા વાતાવરણનું સર્જન કરવામાં આવે છે આ રીતે સમાવેશક શાળા જૂથ . .સંચાલનમાં મદદરૂપ થાય છે

**[ I ] આધુનિક શૈક્ષણિક તકનિકીનો વ્યાપક ઉપયોગ કરવા ( For wider Use of Modern Educational Technology) :**

માહિતી અને સંપ્રેષણ તફનિકીના વિકાસની સાથે શૈક્ષણિક તકનિકીનો પણ ખૂબ મોટા પાયે વિકાસ થયો છે અને થઈ રહ્યો છે અધ્યયન માટે - પરિણામે અક્ષમતા ધરાવતાં બાળકોનાં અધ્યાપન . વિવિધ સાધનો અને માધ્યમોનો વિકાસ શકય બન્યો છે, જેમનો ઉપયોગ કરીને આવાં બાળકોને સરળતા અને સહજતા સાથે અન્ય સામાન્ય બાળકોની સાથે જ શિક્ષણ આપી શકાય છે અને આવું કરતાં સામાન્ય બાળકોના શિક્ષણ પર નકારાત્મક અસર થતી નથીજેમ કે ., શ્રવણની ખામી ધરાવતાં બાળકો હીયરિંગ હેડસેટ )Hearing Headset) કે હીયરીંગ એઈડ )Hearing Aid) નો ઉપયોગ કરીને શિક્ષકનો અવાજ સરળતાથી સાંભળી શકે છે અંધ બાળકો માટે બ્રેઈલ લિપિમાં લખાયેલાં પુસ્તકો એક . સામાન્ય બાબત છે પરંતુ હવે તો એવાં વિજાણુ બ્રેઇલ નોટ ટેકર ઉપલબ્ધ છે કે જેનો ઉપયોગ કરીને . તે ઉપરાંત .અંધ બાળકો તેમની નોટ્સ લખી શકે છે અને પોતાનું સ્વાધ્યાય કાર્ય પણ કરી શકે છે .બધિર બાળકો માટે સાંકેતિક ભાષામાં વિષયવસ્તુની રજૂઆત કરે તેવાં સોફ્ટવેર પણ હવે ઉપલબ્ધ છે આવાં સાધનોનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરીને શૈક્ષણિક તકનિકીનો વ્યાપ વધારી શકાય છે.

**[ J ] વૈવિધ્યસભર અધ્યયન અનુભવો પૂરા પાડવા (To Provide variety of Learning Experiences) :**

જો ફકત અક્ષમતા ધરાવતાં બાળકોનાં જૂથને વિશિષ્ટ રીતે શિક્ષણ આપવામાં આવે તો તેઓ અક્ષમતા વગરનાં બાળકો સાથે આંતરક્રિયા નહીં કરી શકે તેથીતેઓ સામાન્ય બાળકોને અપાતા અધ્યયન . .તેઓ ફકત તેમના માટેના વિશિષ્ટ અધ્યયન અનુભવો જ મેળવી શકશે .અનુભવો મેળવી શકશે નહીં બીજું, તેમના જૂથમાં ફકત અક્ષમતા ધરાવતાં બાળકો હોવાથી તેમને અમુક હદ કરતાં વધુ ઉચ્ચ કક્ષાનું અધ્યયન કરવાની પ્રેરણા નહીં મળે સંશોધનોનાં .તેથી તેમનો વિકાસ મર્યાદિત પ્રમાણમાં થશે . પરિણામો એવું કહે છે કે, બાળકો અનુકરણ દ્વારા ઘણું શીખે છેતેથી ., જો અક્ષમતા ન ધરાવતાં બાળકો સાથે અક્ષમતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવામાં આવે તો વિવિધ પ્રકારના અધ્યયન અનુભવો મેળવવા માટે તેઓ સ્વયં પ્રેરિત થશે અને તેમની સિદ્ધિ પ્રેરણાનો વિકાસ થશે તેમના અધ્યયન . .અનુભવોમાં વિવિધતા .લાવી શકાશે તે ઉપરાંત સમાવેશક શાળામાં અક્ષમતા ધરાવતાં બાળકોની

સાથે સામાન્ય બાળકોને પણ વિશિષ્ટ અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે છે, જેથી તેઓ અક્ષમતા ધરાવતાં બાળકોને સારી રીતે સમજી શકે અને તેમની સાથે વધુ સારી રીતે સહકારી અધ્યયન કરી શકે, જેના કારણે સામાન્ય બાળકો પણ વિશિષ્ટ અધ્યયન અનુભવો મેળવે છેજેમ કે ., સમાવેશક વર્ગખંડમાં મૂકબધિર બાળકો હોય તો તેમની સાથે આંતરક્રિયા કરવા માટે સામાન્ય બાળકોને પણ ચોક્કસ કક્ષાએ સાંકેતિક ભાષા શીખવવામાં આવે છે તે ઉપરાંત આવાં અપવાદરૂપ બાળકો સાથે વ્યવહાર કરવા . માટે તેમને વિશિષ્ટ માર્ગદર્શન આપવામાં આવે છે, જેના પરિણામે સામાન્ય બાળકોને પણ વિશિષ્ટ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય છે.

**નવી શિક્ષણ નીતિ 2020માં**, ખાસ કરીને આવશ્યકતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે સમાવેશક શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે.

1. **સમાવિષ્ટ શિક્ષણ** (Inclusive Education): આ નીતિ હેઠળ, દરેક બાળકને ગુણવત્તાવાળું શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે શાળાઓને અનુકૂળ બનાવવામાં આવશે.
2. **શિક્ષકોની તાલીમ**: ખાસ જરૂરિયાતો ધરાવતાં વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપવાના માટે શિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવશે.
3. **એક્સેસ અને અનુકૂળતા**: શાળાઓને શારીરિક રીતે અનુકૂળ બનાવવામાં આવશે, જેમ કે રેમ્પની સુવિધાઓ, અને શિક્ષણમાં તકનિકી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે.
4. **ટેક્નોલોજીનો ઉપયોગ**: ખાસ જરૂરિયાત ધરાવતાં વિદ્યાર્થીઓ માટે ટેક્નોલોજી આધારિત સાધનો અને સોફ્ટવેર ઉપલબ્ધ કરાવવામાં આવશે.
5. **સામાજિક સહયોગ**: પરિવારો અને સમુદાયોને તાલીમ આપવી અને સમર્થન આપવું, જેથી તેમને શિક્ષણમાં સહાય મળી શકે.

આ નીતિનો મુખ્ય ઉદ્દેશ વિવિધ પ્રકારની જરૂરિયાતો ધરાવતાં બાળકોને શિક્ષણમાં સરળતા અને સમાન તકો ઉપલબ્ધ કરાવવાનો છે.

નવી શિક્ષણ નીતિ 2020 (NEP 2020) મા સમાવેશક શિક્ષણ (Inclusive Education) પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. તેનું મુખ્ય ઉદ્દેશ્ય તે છે કે દરેક પ્રકારના વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા, પૃષ્ઠભૂમિ, અને વૈવિધ્યને ધ્યાનમાં રાખીને યોગ્ય અને ગુણવત્તાવાળું શિક્ષણ આપવામાં આવે. સમાવિષ્ટ શિક્ષણમાં મુખ્ય

1. **મુલ્ય આધારીત શિક્ષણ:** આ નીતિ દરેક જાતિ, મકાન, ભાષા, અને શારીરિક ક્ષમતાને સન્માન આપીને સમાન શિક્ષણને પ્રોત્સાહિત કરે છે.

2. **વૈવિધ્યને માન્યતા**: શારીરિક અથવા માનસિક અવરોધ ધરાવતા વિદ્યાર્થીઓ માટે, NEP 2020 તેમાં જરૂરી સહાયતા અને ટેકનોલોજી જોગવાઈઓની વાત કરે છે, જેથી તેઓ મુખ્ય ધારા શિક્ષણમાં સહજ રીતે જોડાઈ શકે.
3. **પ્રવેશનો અધિકાર**: દરેક વિદ્યાર્થીને ગમે ત્યાંથી શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવે છે, અને આ માટે શાળાઓને વધુ પ્રવેશ સાધનશક્તિ બનાવવી જરૂરી છે.
4. **વિશિષ્ટ શિક્ષકોની તાલીમ**: શિક્ષકોને વિવિધ વિદ્યાર્થીઓ સાથે કામ કરવાની યોગ્ય તાલીમ અપાઈ રહી છે, જેથી તેઓ શારીરિક અને માનસિક પડકારો ધરાવતા બાળકોને વધુ સારી રીતે સહાય કરી શકે.
5. **ટેકનોલોજીનો ઉપયોગ**: ડિજિટલ શિક્ષણ અને ટેકનોલોજી માધ્યમથી એવું વર્તુળ બનાવવું કે તમામ વિદ્યાર્થીઓ સાથે સારું એકીકરણ થાય અને શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય. આ નીતિનો મુખ્ય ધ્યેય એ છે કે દરેક વિદ્યાર્થીને જે તે જગ્યાએ વધુ સારી શિક્ષણની સુવિધા મળી રહે, અને કોઈપણ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે.

આમ, સમાવેશી શિક્ષણ વિશિષ્ટ બાળકોને શિક્ષણની સમાન તક મળી રહે તેમજ તેમનો સર્વાંગી વિકાસ થાય તેના પર ભાર મૂકે છે.

**સંદર્ભ સૂચિ :**

The Psychology of Inclusive Education – Peter Hick, Ruth Kershner, and Peter Farrell
નેશનલ કાઉન્સિલ ફોર એડ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) ) ના દસ્તાવેજો અને માર્ગદર્શિકા
યુનિસેફ (UNICEF) ના દસ્તાવેજો અને માર્ગદર્શિકા